# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મહેસૂલી ક્ષેત્રે રાજ્યમાં વિવિધ ઇનામી જમીનોના અનઅધિકૃત કબજાહક્ક નિયમબદ્ધ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય.**
2. **આજે ગુજરાત વિધાનસભા ખાતે ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમની ઉત્તર ગુજરાતના 260 સરપંચોને તાલીમ અપાશે.**
3. **આજે મધ્યગુજરાતમાં હળવા વરસાદની હવામાન વિભાગે આગાહી કરી**
4. **મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવે કચ્છના રણોત્સવ માણ્યો.**
5. **મહિલા પ્રિમીયર લીગ ક્રિકેટમાં આજે વડોદરાના કોટંબી ખાતે ગુજરાત જાયન્ટસ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મૂકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM REVENUE DICISION

રાજ્ય સરકારે મહેસૂલી ક્ષેત્રે રાજ્યમાં વિવિધ ઇનામી જમીનોના અનઅધિકૃત કબજાહક્ક નિયમબદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર, રિગ્રાન્ટ કરી હોય કે કરવાને પાત્ર હોય પણ રિગ્રાન્ટ ન થઈ હોય તેવી જમીન સરળતાથી નિયમબદ્ધ કરી શકાશે.

આ માટે જમીનની પ્રવર્તમાન જંત્રીના 20 ટકા કબજાહક્કની રકમ ભરી નિયમબદ્ધ કરી શકાશે. જે જમીનો રિગ્રાન્ટ કરેલી હોય પરંતુ કબજાકિંમત ભરપાઈ ન કરી હોય તેવી જમીનના કબજેદારો, રિગ્રાન્ટ કરવાને પાત્ર હોય પરંતુ કોઈ કારણસર રિગ્રાન્ટ થઈ ન હોય તેમજ વારસદારો જો આવી જમીનના ધારણકર્તા હોય તેમને આ નિર્ણયનો લાભ મળશે.

આવી જમીનોની તબદીલીઓ થઈ ગઈ હોય અને હાલ જમીનો અન્ય કોઈના કબજામાં હોય તેવા કબજેદારોને પણ આ નિર્ણયનો લાભ મળવાથી રાજ્યના ખેડૂતોને મોટો ફાયદો થશે.

---

# CM BAPS VADODARA

વડોદરામાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા **(BAPS)**ના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય સંત મહંત સ્વામી મહારાજની 92 મી જન્મજયંતિ અને તેમની દીક્ષા પૂર્ણ થવાના 69 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરાઇ હતી. આ અવસરે આયોજિત વિશાળ સત્સંગ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સહભાગી બન્યા હતા.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી પટેલે સત્સંગને જીવનની દરેક સમસ્યાનું સમાધાન આપતો માર્ગ ગણાવ્યો હતો.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે આ અવસરને માત્ર ઉત્સવ નહીં પરંતુ ગુણાતીત ગુરુ પરંપરાના અખંડ પ્રવાહનું જીવંત સાક્ષ્ય ગણાવી મહંત સ્વામી મહારાજને શુભેચ્છા પાઠવી હતી.

---

# GUJ ASSEMBLY TRAINING

ગુજરાત વિધાનસભા ખાતે આજે  ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમનું અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ,  મહેસાણા,  પાટણ,  સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓના દરેક તાલુકામાંથી પાંચ એમ કુલ-260 સરપંચોને તાલીમ અપાશે.

સંસદીય લોકતંત્રમાં પંચાયતની ભૂમિકા  , જી- રામજી- ગ્રામવિકાસ યોજના વિકાસના કામો અંગે જાણકારી   ,  પંચાયત હિસાબી નિયમોની જાણકારી તથા ગ્રામસભા-પંચાયતસભામાં સરપંચની ભૂમિકા , અધિકારો અને ફરજો જેવા વિષયો પર નિષ્ણાત તજજ્ઞો દ્વારા તાલીમ અપાશે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિ રહેશે.

---

## ASWINI VAISHANAV

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ કહ્યું , ગુજરાતને વિક્રમી બજેટ ફાળવણી કરવામાં આવી છે, રાજ્યને રેલવે ક્ષેત્ર માટે 17 હજાર 366 કરોડ ફાળવાયા છે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું અમદાવાદથી મુંબઈ સુધીના હાઇ-સ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ખૂબ જ સારી પ્રગતિ થઈ છે, આજે બીજી ટનલનું બ્રેકથ્રુ થશે, આગામી વર્ષ માટે વાણિજ્યિક કામગીરીનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## (બાઇટ : અશ્વિની વૈષ્ણવ)

---

## ASUSE SURVEY

ગુજરાત સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી દ્વારા જાન્યુઆરી-2026થી ડિસેમ્બર -2026 દરમિયાન રાજ્યવ્યાપી એન્યુઅલ સર્વે ઓફ અન ઇનકોર્પોરેટેડ સેક્ટર એન્ટરપ્રાઇઝિસ વિષય પર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ મોજણીનો મુખ્ય હેતુ રાજ્યના વિશાળ બિનકૃષિ ક્ષેત્રના એકમોની વિવિધ માપદંડો અંગેની સચોટ માહિતી એકત્રિત કરવાનો છે. આ સર્વેમાં મુખ્યત્વે નાના ઉત્પાદકો, સેવા પ્રદાતાઓ અને વેપારી સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કચેરીના કર્મચારીઓ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા પસંદ કરાયેલ ગામો અને શહેરી વિસ્તારોની મુલાકાત લેશે. તેઓ ઘરે-ઘરે જઈને નિયત પત્રકોમાં વિગતવાર માહિતી એકઠી કરશે. એકત્રિત કરવામાં આવેલી

**માહિતીનો ઉપયોગ રાષ્ટ્રીય સ્તરે નીતિ ઘડતર અને વિવિધ યોજનાકીય બાબતોના આયોજન માટે કરવામાં આવશે.**

---

## ISHWARSINH ON BUDGET

**રાજ્યના મંત્રી ઇશ્વરસિંહે બજેટે અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણે રજૂ કરેલુ બજેટ વિકાસલક્ષી છે , અને તેમાં વિકાસની અનેક તકો જોવા મળી રહી.**

**બાઇટ- ઇશ્વરસિંહ , રાજ્યમંત્રી**

---

## WEATHER

**આજે મધ્યગુજરાતમાં હળવા વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગ યેલો અલર્ટ જાહેર કરીને વીજળીના કડાકા સાથે વરસાદ થવાની શક્યતા દર્શાવી છે.**

**વડોદરા, ભરૂચ, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં વરસાદની સંભાવના હવામાન વિભાગના વડા ડોક્ટર એ.કે. દાસે દર્શાવી છે.**

**બાઈટ – ડૉ. એ.કે. દાસ, હવામાન વિભાગ**

---

## RANOTSAV - MADHYPRADESH CM VISIT

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવે કચ્છના રણોત્સવની મુલાકાત લીધી. ડો. મોહન યાદવે રણોત્સવના ટેન્ટ સિટીની પણ મુલાકાત લીધી. શ્રી યાદવે સ્થાનિક કલાકારો સાથે વાતચીત કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

---

## DANG

ડાંગ  જિલ્લામાં સિંચાઈનું પાણી પૂરું પાડવા માટે નાના સીરીઝ ડેમોનું નિર્માણ કરી ખેડૂતોને પાણી પૂરું પાડવાની યોજના હાથ ધરવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલના હસ્તે  ડેમના નિર્માણના ખાતમુહૂર્ત કરી ડાંગના ખેડૂતોને સિંચાઈની સવલત ઉભી કરવાનું કાર્ય હાથ ધરાયું છે.

જિલ્લામાં સિંચાઈ અને પશુપાલન વ્યવસાય કરતા ખેડૂતો માટે  ચેકડેમ સાથે કુવા પણ બનાવી આપવામાં આવતા ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહ્યું છે અને સારા પ્રમાણમાં ખેતી કરી રહ્યા છે.

---

## ARVALLI VHALI DIKRI CAMP

અરવલ્લી જિલ્લાના ધનસુરા ગ્રામ પંચાયત ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ ઉપર મળી રહે તે માટે ખાસ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં વ્હાલી દીકરી યોજના અંતર્ગત

લાભાર્થીઓના ફોર્મ ભરી આપવા સહિત મહિલાઓને લગતી યોજનાઓ અંગે જાણકારી આપવામાં આવી હોવાનું અરવલ્લી જિલ્લાના ધનસૂરાના સરપંચ હેમલત્તાબેન પટેલે જણાવ્યું હતું.

## (બાઈટ – હેમલત્તાબેન, પટેલ)

---

## WPL

મહિલા ક્રિકેટ લીગ( WPL)માં, ગુજરાત જાયન્ટ્સ આજે વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

આજની વિજેતા ટીમ ગુરુવારે ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે સીધી ટકરાશે. સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની RCB મહિલા ટીમ લીગ સ્ટેજમાં ટેબલ ટોપર્સ તરીકે ટાઇટલ મુકાબલામાં પોતાનું સ્થાન બનાવી લીધું છે.

આ પહેલા, જેમીમાહ રોડ્રિગ્સની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સે રવિવારે અંતિમ લીગ સ્ટેજ મેચમાં UP વોરિયર્સ સામે પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો , જેનાથી ગુજરાત જાયન્ટ્સ સાથે મુકાબલો થશે, જે ટીમ જીતશે તે આગળ રમશે.

---

## PATAN - WETLANDS DAY

પાટણ વન વિભાગ દ્વારા વિશ્વ જળ પ્લાવિત દિવસની ઉજવણી કરવામાં આવી. નાયબ વન સંરક્ષક એન.જે. પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ

**કાર્યક્રમમાં જળ પ્લાવિત વિસ્તારનું મહત્વ અને સંરક્ષણ તેમજ રાજ્યમાં આવેલ રામસર સાઇટ તથા તાજેતરમાં નવી જાહેર થયેલ રામસર સાઇટ છારીઢંઢ વેટલેન્ડની માહિતી આપવામાં આપી હતી.**

---

## PATAN - SHIBIR

**પાટણમાં આદિજાતિ વિકાસ વિભાગના ઉપક્રમે સમાજ શિક્ષણ શિબીર યોજાઈ. આદિજાતિ મંત્રાલય અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી શૈક્ષણિક, રોજગારલક્ષી, આર્થિક ઉત્કર્ષ, આવાસ યોજના જેવી વિવિધ યોજનાઓની માહિતી આદિજાતિ સમાજને મળી રહે તેમજ અંધશ્રધ્ધા નિર્મૂલન અને વ્યસન મુક્તિ માટે આ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું.**

---

# AASAAM YOUTH DELIGATION VISIT

ત્રીજા યુવા ઉદય (યુથ ઇમર્શન) કાર્યક્રમ અંતર્ગત આસામ રાજ્યથી આવેલા યુવા પ્રતિનિધિમંડળે સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી . આ પ્રતિનિધિ મંડળમાં આસામ વિધાનસભા સ્પીકરના સલાહકાર , અન્ડર સેક્રેટરી સહિત અલગ અલગ યુનિવર્સિટીના કુલ ૩૨ યુવા પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

મુલાકાત દરમિયાન યુવા પ્રતિનિધિમંડળે સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી. આ ઉપરાંત તેઓએ એકતા નગર ખાતે આવેલ મુખ્ય આકર્ષણો જંગલ સફારી તથા લાઇટ એન્ડ સાઉન્ડ શો માણ્યો તેમજ શૂલપાણેશ્વર મહાદેવ મંદિરના દર્શન કર્યા.

નાયબ કલેક્ટર દ્વારા આ પ્રતિનિધિમંડળને સરદાર સાહેબની પ્રતિકૃતિ ભેટરૂપે અર્પણ કરવામાં આવી.

---